<u>બુધ્ધ પૂર્ણિમા ની ઉજવણીના કાર્યક્રમનો અહેવાલ</u>

સમગ્ર વિશ્વમાં વૈશાખ સુદ પૂનમના દિવસે બુદ્ધ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના Extension Activity Cell દ્વારા તારીખ 25-5-2018 ને શુક્રવારના રોજ યુનિવર્સીટી ના 'વંદના' પરિસરમાં બુદ્ધ પ્રતિમા આગળ માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને થી બુદ્ધ પૂર્ણિમાની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ.આ કાર્યકર્મમાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય , કા.કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી, તેમજ યુનિવર્સિટીના અન્ય નિયામકશ્રીઓ, અધ્યાપકો તથા કર્મચારીઓ દ્વારા બુદ્ધની પ્રતિમાને પુષ્પા-અંજલિ અર્પણ કરી હતી.

માનનીય કુલપતિશ્રી દ્વારા બુદ્ધના વિચારો અને બુદ્ધ પૂર્ણિમાનું જીવનમાં મહત્વ સમજાવ્યું હતું. તેમજ આંબેડકર અને બુદ્ધના વિચારોની સમાનતા વિશે વાત કરી હતી. આ ઉપરાંત નિયામકશ્રીઓ દ્વારા પણ બુદ્ધના વિચારો કેવી રીતે જીવનના ઉપદેશ બને અને માર્ગદીશા ચીંધે છે તેની વાત કારી હતી. અંતે સર્વે પુષ્પા-અંજલિ અર્પણ કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરી હતી.








